જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦  ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૧૦/૨૦૧૪ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૫૮/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૧૦૮ લીટર દેશી દારૂ, ૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૨ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૫,૫૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૫૯/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૨૬૬૦/૧૪**

**દાણીલીમડાઃ** તૌસીફ સાબીરભાઈ છીપા (રહે. ગીતાભારતી કોલોની સરકારી ગોડાઉન સામે કિન્નરી એપાર્ટમેન્ટની બાજુમાં દાણીલીમડા) એ તા ૨૭/૧૦/૧૪ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે જુલાઈ ૨૦૧૪ થી આજદીન સુધી મક્કા મદીના ખાતે હજ પઢવા જવાના વિઝા કઢાવી અપાવવાનુ કહી આરોપી અલહીઝાજ ઈન્ટર નેશનલ હજ સર્વિસ સી.ઓ. એ ૧ અમન બંગલોઝ કોઠીપુરા નાંદલજા વડોદરાના આયોજક હાજી મકબુલહુસેન અને તેનો પુત્ર ફૈજલ હાજી મકબુલહુસેન એ રૂપિયા ૨,૭૦,૦૦૦/- લઈ વિઝા નહી અપાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી એસ પુનડીયા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૬૬૧/૧૪**

**વસ્ત્રાપુરઃ** પલ્લવ સુધાનભાઈ ધારેખાન (રહે. સુરધારા બંગલોઝ થલતેજ) એ તા ૨૭/૧૦/૧૪ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૦/૧૪ કલાક ૧૦/૦૦ થી તા ૨૬/૧૦/૧૪ સાંજના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના બારીનો સળીયો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૩,૭૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ કે રાણા ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** હેતલબહેન રમેશભાઈ પટેલ (રહે.સહજાનંદ સ્ટેટસ બંગલોઝ હેતાર્થ પાર્ટી પ્લોટ સાયન્સ સીટી રોડ સોલા) એ તા.૨૭/૧૦/૧૪ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૧૦/૧૪ કલાક ૮/૦૦ થી તા.૨૭/૧૦/૧૪ સવારના ૧૧/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની દિવાલમાં બાકોરૂ પાડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ બી ચૌધરી ચલાવે છે.

<u>લુંટઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૬૬૨/૧૪</u>

**સરખેજઃ** જીગ્નેશભાઈ રણછોડભાઈ ભરવાડ (ઉ.વ.૨૬) (રહે. પાણીની ટાંકી પાસે ભરવાડવાસ ધોળકા રોડ નવી ફતેવાડી) તા.૨૭/૧૦/૧૪ સવારના ૬/30 વાગ્યાના સુમારે સરખેજ રોજાની પાછળ ડીએવી ઈન્ટરનેશનલ સ્કૂલ સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગના પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ પુરૂષો એ જીગ્નેશભાઈનુ મોટર સાયકલ ઉભુ રખાવવા સ્પ્રે જેવુ કંઈક છાંટતા જીગ્નેશભાઈ પડી ગયા હતા. દરમ્યાન જીગ્નેશભાઈના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૨,000/- અને માઈક્રોમેક્સ કંપનીનો મોબાઈલ ફોન કિમત રૂપિયા ૧૦૦૦/- મતાની લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જીગ્નેશભાઈ ભરવાડે સરખેજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ કે ગઢવી ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૬૬૩/૧૪</u>

**એલીસબ્રીજઃ** સુરેશભાઈ ગોવિંદભાઈ પરમાર (ઉ.વ.૩૫) (રહે.દશામાના ચોક પાછળ ખોડીયારનગરના છાપરાં આંબેડકરબ્રીજ પાસે બહેરામપુરા) એ કોઈ કારણસર તા.૨૭/૧૦/૧૪ કલાક ૧૨/૪0 વાગ્યા પહેલાના સમયે આંબેડકરબ્રીજ પાસે નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ શ્રી ફતેસિંહ રૂપાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.